સશિ૫/ફેબ્રુ૦૨/૨૦૦

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
# સત્સંગ પ્રાજ્ઞ : દ્વિતીય ખંડ
## પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ]  રવિવાર, ૨૪ ફેબ્રુઆરી, ૨૦૦૨  કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર.૧. (અ) નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈપણ ત્રણ વિષે મુદ્દાસર નોંધ લખો.** ૧૮

૧. ગુણનો સંગ જ્યાં સુધી રહે ત્યાં સુધી કોઈ જીવ સુખિયો રહે નહીં. અને આત્મસત્તારૂપે રહે ત્યારે જ સુખી રહે છે.
૨. કારિયાણી ૧૦ના આધારે શ્રીહરિની ત્યાગી પ્રકૃતિ અને તેમનો ઇશક.
૩. કોઈ મોટા સંતની અતિશય સેવાનું ફળ ગઢડા મ.૭ના આધારે.
૪. મૂઆ ટાણે પથારી પર સુવારેલા મનુષ્યના દૃષ્ટાંતનો મર્મ.
૫. ભગવાનને સંતમાં હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે.

**(બ) નીચેનાં વાક્યોની પૂર્તિ કરો અને તેના વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. અને જેનો સંગ ............................ તત્કાળ ત્યાગ કરવો.
૨. અને જે ત્યાગી હોય ...................... મોટેરો કહેવાય.
૩. અમારી પ્રકૃતિ એમ છે ..................... કુરાજીપો થતો નથી.
૪. માટે ભગવાન તો મનુષ્ય દેહ ................ તે સ્વતંત્ર થાય છે.
૫. જો ભગવાનનો ખરેખરો ........................ મોટયપ શોભે નહીં.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાક્રમના વચનામૃતના આધારે ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** ૪

(૧) નિશ્ચય  (૨) સંત મહિમા

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર.૨. (અ) નીચેના દરેક પ્રશ્નના એક એક વાક્યમાં જવાબ આપો.** ૬

૧. કયા ગુણથી જોનારની છાતી ઠરે ?
૨. ભગવાનનું સ્વરૂપ કયા વચનામૃતમાં કહ્યા મુજબ નિર્દોષ સમજવું ?
૩. શ્રીહરિએ બાવાની દૃષ્ટિએ શું ભૂંડું કર્યું હતું ?





૪. આજ શું સુગમ કરી નાખ્યું છે ?
૫. કારણ શરીરરૂપ અજ્ઞાન તે રૂપી કાળો પર્વત તોડીને સ્વામી શું કરે છે ?
૬. કોણ ગુડિયું વાળે જ નહીં ?

**(બ) નીચેનાં વાક્યોમાં કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને પૂર્તિ કરો.** ૭

૧. હું અક્ષરધામમાંથી પુરુષોત્તમ આવ્યો છું ને.............................. છું. (સર્વોપરી, સદા સાકાર, સુગવાળો)
૨. જો તમે તમારો દેહ વિસારો, તો હું ..................... વિસારું. (મારો દેહ, મહારાજની મૂર્તિ, જગત)
૩. આ સાધુને ...................... જાણવા, ને આ બધાય અક્ષર છે ને ઓલ્યા મૂળ અક્ષર છે. (એકાંતિક, મોટાં, અક્ષર)
૪. સત્સંગ મળ્યો છે પણ ................... વિના કોઈને ગમ પડતી નથી. (અક્ષર બુદ્ધિ, ભક્તિ, સમાગમ)
૫. હું સદ્‌ગુરુરૂપી ................. પ્રગટ થયો છું. (ભગવાન, સૂર્ય, અવતાર)
૬. પૂર્વે ................. થઈ ગયા. તે કરતા આ સત્સંગીના છોકરા સામું જોઈએ છીએ તો કરોડગણું અધિક દૈવત જણાય છે. (મોટા મોટા પરમહંસ, આચાર્યો, મોટા મોટા અવતારો)
૭. પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંત તેની .............. ન હોય તો તે ખીજડા જેવા છે. (ભક્તિ, પ્રીતિ, ઓળખાણ)

**(ક) અભ્યાસક્રમની સ્વામીની વાતોના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો.** ૧૦

**૧.** શ્રીહરિનું પ્રગટપણું. **૨.** ગુણાતીતે કહેલો સ્વ-સ્વરૂપનો મહિમા
**૩.** સ્વામીની વાતોમાં અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતનું પ્રસ્થાપન.

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૧ તથા ભાગ - ૨' નવી આવૃત્તિને આધારે)**

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. શ્રીજીના પરમહંસો.
**૨.** 'ભક્તવત્સલ હરિ બિરુદ તિહારો !'
૩. વિરક્ત વર્ણીરાજ નીલકંઠ.

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો** ૨૦

**૧.** સ્વામિનારાયણ મહામંત્રનું પ્રાગટ્ય.
**૨.** મુક્તનાથમાં કઠોર તપશ્ચર્યા.
**૩.** જગન્નાથપુરીમાં આસુરી તત્ત્વોનો સંહાર.
**૪.** લાલજી સુથારમાંથી નિષ્કુળાનંદ.

✿ ✿ ✿